અપીલ અરજી નં.૧૪ તા.૮–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અબ્દુલ રહીમ ગુલામ રસુલ શેખ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અબ્દુલ રહીમ ગુલામ રસુલ શેખની તા.૧૧–૨–૧૧ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.–૩૧૭૭ તથા ૩૧૮૦ વાળી મિલ્કતમાં થયેલુ ગેરકાયદેસરનું બાંધકામ થયેલો તેનું શહેર વિકાસ ખાતાએ તા.૧૪–૩–૧૯૯૧ નારોજ તોડેલું બાંધકામની માહિતી તથા મંજુર થયેલા બાંધકામની માહિતી પ્લાન નં.૬૪૨ તા.૨૯–૯–૧૯૮૯ થી તા.૨૮–૯–૧૯૯૦ ના સમય માટે થયેલા પ્લાન વિરૂઘ્ધનું થયેલું બાંધકામ તથા તા.૧૪–૩–૧૯૯૧ ના રોજ ગેરકાયદેસર બાંધકામ તોડેલુ તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૦૮–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧૪ /૨૦૧૧–૧૨

શ્રી અબ્દુલ રહીમ ગુલામ રસુલ શેખની તા.૧૧–૨–૧૧ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.–૩૧૭૭ તથા ૩૧૮૦ વાળી મિલ્કતમાં થયેલુ ગેરકાયદેસરનું બાંધકામ થયેલો તેનું શહેર વિકાસ ખાતાએ તા.૧૪–૩–૧૯૯૧ ના રોજ તોડેલું બાંધકામની માહિતી તથા મંજુર થયેલા બાંધકામની માહિતી પ્લાન નં.૬૪૨ તા.૨૯–૯–૧૯૮૯ થી તા.૨૮–૯–૧૯૯૦ ના સમય માટે થયેલા પ્લાન વિરૂઘ્ધનું થયેલું બાંધકામ તથા તા.૧૪–૩–૧૯૯૧ ના રોજ ગેરકાયદેસર બાંધકામ તોડેલુ તેની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૧૭૯૬ તા.૧૦–૩–૧૧ થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૮–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ ,આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારે રજૂ કરેલ અખબારી યાદીના દાવાના અનુસંધાને લાગત મિલ્કતના બાંધકામ રજીસ્ટર, ડીમોલીશન રજીસ્ટર કે વાહન અને ડીમોલીશન કાર્યવાહીના દફતરે આ પ્રકારની કોઈ વિગતોનો નિર્દેશ છે કે કેમ? તે પણ ચકાસી જણાવવા સાથે જો આવા દફતરનો નાશ કે નિકાલ થયેલ હોય તો તે વિગત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨ તા.૧૮–૪–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ માંગેલ પૈકી કઈ માહિતી અંગે નારાજગી છે તે સ્પષ્ટ કરવા જણાવતો પત્ર પાઠવેલ છે. સાથે એ પણ સુચિત કરવામાં આવેલ અપીલમાં મુળ માંગણીથી અલાયદા મુદ્દા માટે કારણ ઉત્પન્ન થાય નહીં. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પુરક વિગતો કે પક્ષ રજુ થયેલ નથી પરંતુ અરજદારને પાઠવેલ પૂરક માહિતિ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૨૪ તા.૧૧–૫–૧૧ ની નકલ વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૧–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૭૯૬ તા.૧૦–૩–૧૧ થી " વોર્ડ નં.૧ નોંધ નં.૩૧૭૭ તથા ૩૧૮૦ વાળી મિલ્કતે પત્ર નં.ટીડીઓ ૬૪૨ તા.૩૦–૯–૮૯ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં ગેરકાયદેસર બાંધકામ અંગેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં આપેલી માહિતી અધૂરી હોવાનું જણાવી તા.૮–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરી નીચેના મુદ્દાઓની રજૂઆત કરેલ છે. તા.૧૪–૩–૧૯૯૧ રોજ સુરત મહાનગરપાલિકાના તે સમયના ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ શ્રી આર ડી. દેસાઈ તથા પાલિકાના સેન્ટ્રલ શહેર વિકાસ ખાતા ઘ્વારા વોર્ડ નં.૧ નોંધ નં.૩૧૭૭ તથા ૩૧૮૦ વાળી મિલ્કતના ગ્રા.ફલોરમાં ગેરકાયદે બાંધવામાં આવેલ કેટલી દુકાનો તોડી પાડવામાં આવેલ હતી. કેટલા બાય કેટલા ફુટની ચણતરની દિવાલ તોડી પાડવામાં આવેલ હતી. મંજુર પ્લાન વિરુઘ્ધ ગેરકાયદે બાંધવામાં આવેલ ચોથા માળનો આરસીસી ફલોર તોડી પાડી કેટલા કેટલા ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી તથા ડીમોલીશન પેટે મિલ્કતદાર પાસેથી કેટલા રૂપિયા ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. (૨) વોર્ડ નં.૧ નોંધ નં.–૩૧૭૭ તથા ૩૧૮૦ વાળી મિલ્કતને પત્ર નં.ટીડીઓ૬૪૨ તા.૩૦–૯–૧૯૮૯ થી વિકાસ પરવાનગી આપવામાં આવી તે દિવસથી આ અપીલ અરજી તા. ૮–૪–૧૧ સુધીમાં મિલ્કતમાં ગેરકાયદે બાંધકામ કરવા બદલ તે વખતના સેન્ટ્રલ શહેર વિકાસ ખાતા અને હાલના સેન્ટ્રલઝોનના શહેર વિકાસ ખાતા ઘ્વારા ગેરકાયદે બાંધકામ તોડી પાડવા કઈ તારીખ અને કયા વર્ષે નોટીસો આપવામાં આવી. કયારે કઈ તારીખે મિલ્કતદાર પાસેથી લેખિતમાં ખુલાસા માંગવામાં આવ્યા? ( જે તે સમયની નોટીસો અને માંગવામાં આવેલા લેખિત ખુલાસાની નકલો અમો અરજદારને આપશોજી.) (૩) સુરત મહાનગરપાલિકાના પીઆરઓ વિભાગ અને તે સમયના ડીપીઓ શ્રી આર ડી. દેસાઈ ઘ્વારા તા.૧૪–૩–૧૯૯૧

ના રોજ સુરતના ' ગુજરાત મિત્ર' દૈનિક સબંધિત મિલ્કતમાં ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યુ હોવાની વિગતો બીજા દિવસે એટલે કે તા.૧૫–૩–૧૯૯૧ ના રોજ ગુજરાત મિત્ર દૈનિકના પાના નં.૧૧ ઉપર પ્રકાશિત થઈ છે તે રેકોર્ડ ચકાસતા ખરી છે કે ખોટી? તે જણાવશોજી. ( તા.૧૫–૩–૧૯૯૧ ના ગુજરાત મિત્ર ની ઝેરોક્ષ નકલ આ અરજી સાથે સામેલ કરેલ) જે અંગે અત્રેથી બંને પક્ષકારોને પૂરક વિગતો સાથે અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા વિગતો માંગતા પત્ર અત્રેથી આરટીઆઈ સેલ/૬૨ તા.૧૮–૪–૧૧ થી પાઠવવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૨૪ તા.૧૧–૫–૧૧ થી માહિતી અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં પૂરી પાડવામાં આવેલ. મુળ અરજીના અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૧ માં વોર્ડ નં.૧ નોંધ નં.–૩૧૭૭ તથા ૩૧૮૦ વાળી મિલ્કતમાં થયેલ મંજુર પ્લાનની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં (૧) વોર્ડ નં.૧ નોંધ નં.૩૧૭૭ અને ૩૧૮૦ વાળી મિલ્કતમાં ટીડીઓ નં.૬૪૨ તા.૩૦–૯–૧૯૮૯ બેઝમેન્ટ (હાઉસ હોલ્ડ સ્ટોરેજ) + ભોંય તળીયું અને હાયર ગ્રાઉન્ડ + બે માળ (રહેઠાણ) ના પ્લાન મંજુર થયેલ છે. તેવું જણાવેલ. મુદ્દા નં.૨ તા.૧૪–૩–૯૧ ના રોજ તોડેલ બાંધકામની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સદર મિલ્કતમાં મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામ દુર કરવા એન્ટ્રી નોટીસ ટીડીઓ નં.૧૩૬૯૧ તા.૧૪–૩–૯૧ થી આપવામાં આવેલ. પરંતુ ઉપલબ્ધ રેકર્ડ જોતાં કેટલું બાંધકામ દુર કર્યુ તેની વિગતો રેકર્ડ પર નથી. મુદ્દા નં.૩ તા.૨૯–૯–૧૯૮૯ થી તા.૨૮–૯–૧૯૯૦ ના સમય માટે થયેલા પ્લાન વિરુધ્ધનું થયેલું બાંધકામ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં ઉપલબ્ધ રેકર્ડ જોતાં મંજુર પ્લાન વિરુધ્ધ ના બાંધકામ અંગે ટીડીઓ નં.૮૬૮૭ તા.૧૩–૧૧–૧૯૯૦ થી કા.દ નોટીસ આપવામાં આવેલ. જેની નકલ બિડાણ કરેલ છે જે તા.૨૯–૯–૧૯૮૯ થી તા.૨૮–૯–૧૯૯૦ ના સમયગાળામાં થયું છે કે કેમ તેની વિગતો રેકર્ડ પર નથી. તેવું જણાવેલ. અરજદારે અપીલ તબકકે પાઠવેલ પત્રમાં મુળ અરજીથી માંગેલ માહિતિ સામે નારાજગી અંગેની કોઈ વિગતો રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અપીલના મુદ્દા નં.૧ તથા અપીલના મુદ્દા નં.૨ અરજદારની ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાની કઈ તારીખ અને કયા વર્ષે નોટીસ આપવામાં આવેલ જે અંગે જાહેર માહિતી અધિકારીએ ટીડીઓ નં.૮૬૮૭ તા.૧૩–૧૧૯૦ થી કારણ દર્શક નોટીસ આપવામા આવેલ જેની નકલ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩ તા.૧૫–૩–૧૧ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકના પાના નં.૧૧ ઉપર ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાના જે સમાચાર પ્રસિધ્ધ થયેલ જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર પ્લાન વિરુધ્ધના બાંધકામ દુર કરવા એન્ટ્રી નોટીસ નં.ટીડીઓ૧૩૬૯૧ તા.૧૪–૩–૯૧ થી આપવામાં આવેલ. પરંતુ ઉપરોકત રેકર્ડ જોતાં કેટલું બાંધકામ દુર થયેલ છે તેની વિગતો રેકર્ડ ઉપર નથી. જયારે અરજદારે અપીલના મુદ્દા નં.૧ માં મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે વધારાના પૂરક પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે.

આમ અરજદારે મુળ અરજીથી જે બે મુદ્દાની માહિતિ માંગેલ છે તે જાહેર માહિતિ અધિકારી કક્ષાએથી અપીલ તબકકે વિલુબથી દફતરી વિગતે પુરી પાડેલ છે. મુળ અરજીથી અરજદારે કોઈ નકલો કે નોટીસ અને તેની કાર્યવાહી ને લગતી નકલો માંગેલ નથી તે જોતાં પુરક પત્રથી જાહેર માહિતિ અધિકારી એ આપેલ માહિતિ મુળ અરજીની માહિતિ માંગણી સાથે સુસંગત જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે તેમની અપીલમાં મુદ્દા નં.૧ માં મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુલક્ષી અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અબ્દુલ રહીમ ગુલામ રસુલ શેખ